# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૨૫/૮/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,



(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'વર્તમાનના તણાવભર્યા વાતાવરણમાં હળવા કઇ રીતે રહેવાય? વિશે વેબિનાર યોજાયો

સુરત. ઘી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૫ ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ 'વર્તમાનના તણાવભર્યા વાતાવરણમાં હળવા કઇ રીતે રહેવાય ? વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે શ્રી રામકૃષ્ણ એકસપોર્ટ્સ પ્રા.લિ.ના ફાઉન્ડર ચેરમેન ગોવિંદભાઇ ધોળકિયાએ મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ગોવિંદભાઇ ધોળકિયાએ જણાવ્યું હતું કે, પ્રવર્તમાન પરિસ્થિતિ કાયમ માટે રહેવાની નથી. એ ચાર મહિના કે છ મહિના બાદ જતી રહેવાની છે. એટલા માટે આ સ્થિતિમાં દુઃખી થવાની જરૂર નથી. ઉદ્યોગકારોને એટલું જ કહીશ કે કંપનીની સાચી સ્ટ્રેન્થ એના કર્મચારીઓ જ છે. ટેકનોલોજીમાં કોઇપણ મશીન દિવસે ન દિવસ ડાઉન થતું જાય છે, પરંતુ મેન પાવર દિવસે ન દિવસ અપ થતુ જાય છે. આથી ટેકનોલોજીની સાથે સાથે વધારે મહત્વ કર્મચારીઓને આપવાનું હોય છે. અત્યારે કર્મચારીઓમાં સ્કીલ ડેવલપ કરવાનો સમય છે.

આપદાને આશિર્વાદમાં કે અવસરમાં ફેરવવા માટે આપણે વિચારો જ ફેરવવાના હોય છે. પ્રોબ્લેમ ઇઝ પ્રોગ્રેસ એટલે સમસ્યા આવશે તો જ વિકાસ થશે. પ્રોબ્લેમ આવે છે ત્યારે જ આપણે વિચાર

કરતા થઇએ છીએ. તેમણે કહયું કે, એક થિયરી ઉપર ચાલવું ન જોઇએ. વર્ષ ૨૦૦૮માં હીરા ઉદ્યોગમાં જે મંદી આવી હતી તે સ્થિતિ અલગ હતી. પરંતુ આજે કોરોનાની સ્થિતિ અલગ છે. અત્યારે પોલીશ્ડ અને રફના ભાવ બદલાયા જ નથી તે સારી બાબત છે. આથી અત્યારના સમયે કંપનીમાં તમારા કર્મચારીઓને સાચવી લો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પોતાનું ધાર્યું ન થાય ત્યારે વ્યકિતને ગુસ્સો આવે છે. કામ, ક્રોધ અને લોભ આ ત્રણેય વ્યકિતને અધોગતિએ લઇ જાય છે. જેમાં પણ સૌથી મોટો રાક્ષસ ક્રોધ છે. કામનો કાળ એ વર્તમાન કાળ હોય છે. લોભનો કાળ એટલે ભવિષ્ય અને ક્રોધનો કાળ ભુતકાળ હોય છે. ભુતકાળ માટે જ વ્યકિત ક્રોધ કરે છે. ભુતકાળને કોઇ જ બદલી શકતું નથી. ભગવાન પણ ભુતકાળને બદલી શકતા ન હોય તો એના માટે શું કામ ક્રોધ કરવો જોઇએ. જો ભુલ થઇ હોય તો એને પ્રેમથી સ્વીકારી લેવી જોઇએ અને બીજી વખત ભુલ ન થાય તેના માટે વિચાર કરવો જોઇએ. કેટલાક લોકો સહનશકિતને કમજોરી સમજે છે પણ સહનશકિત એ મહાન શકિત છે.

તેમણે રામાયણ, મહાભારત અને ભગવત ગીતાના સારનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહયું હતું કે ભગવાનને પામવુ એટલે મનુષ્ય થવું છે. માનવતા માટે કર્મયોગ, ભકિતયોગ અને જ્ઞાનયોગ જરૂરી છે. આપણી પાસે વિવેક પૂરતું જ્ઞાન હોય છે. કર્મ કરો પણ ફળની ઇચ્છા ન રાખો એ ભગવાન ઉપર છોડી દો. જીવનના દરેક પ્રશ્નનો જવાબ ગીતાની અંદર આપેલો છે.

તેમણે કહયું કે, આત્મનિર્ભર ભારત બહુ જ મહત્વનું છે. બહારથી કોઇ વસ્તુ ન લાવવી પડે એટલે કે ઇન હાઉસ પ્રોડકશન થાય તે અગત્યનું છે. જેનો લાભ રાષ્ટ્રને જ થવાનો છે. જો રાષ્ટ્ર સુખી થશે તો રાષ્ટ્રમાં રહેનારા લોકો પણ આપોઆપ સુખી થશે. બીજાને માન – સન્માન આપશો તો બીજા પણ તમને સન્માન આપશે. સત્યને કોઇના સાક્ષીની જરૂર હોતી નથી. આપણા વિચારો બદલાતા હોય એવા પુસ્તકો વાંચવા જોઇએ.

ચેમ્બરના કાર્યવાહક પ્રમુખ દિનેશ નાવડિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય નિખિલ મદ્રાસીએ સમગ્ર વેબિનારનું સંચાલન કર્યું હતું.